SHREE M.P.SHAH EDUCATION SOCIETY,KADI

# C.N.ARTS & B.D.COMMERCE COLLEGE

## ECONOMICS DEPARTMENT

## IMPORT EXPORT COURSE (2025-26)

# What is Import –Export Business?

ઈમ્પોર્ટ-એક્સપોર્ટ વેપાર એ આંતરરાષ્ટ્રીય વેપારનો એક પ્રકાર છે, જેમાં એક દેશમાંથી માલ, સેવાઓ અથવા સંસાધનોની આયાત (ઈમ્પોર્ટ) અને બીજા દેશમાં તેની નિકાસ (એક્સપોર્ટ) કરવામાં આવે છે.

**ઈમ્પોર્ટ (આયાત):**

જ્યારે કોઈ દેશ વિદેશમાંથી માલ, સેવાઓ કે કાચો માલ ખરીદે છે, તેને ઈમ્પોર્ટ કહેવાય છે. ઉદાહરણ: ભારત વિદેશમાંથી ક્રૂડ ઓઈલ આયાત કરે છે.

**એક્સપોર્ટ (નિકાસ):**

જ્યારે કોઈ દેશ પોતાનો માલ, સેવાઓ કે ઉત્પાદનો વિદેશમાં વેચે છે, તેને એક્સપોર્ટ કહેવાય છે. ઉદાહરણ: ભારત ચા, કાપડ અને સોફ્ટવેર સેવાઓની નિકાસ કરે છે.



# IMPORT-EXPORTના ફાયદા અને ગેરફાયદા

## IMPORTના ફાયદા

1.**ઉત્પાદનોની ઉપલબ્ધતા:**
દેશમાં ઉપલબ્ધ ન હોય તેવા માલ (જેમ કે ચોક્કસ ટેક્નોલોજી, કાચો માલ) આયાત કરી શકાય

2. **ગુણવત્તા અને વિવિધતા:**
ઉચ્ચ ગુણવત્તાવાળા અથવા અનોખા ઉત્પાદનો ગ્રાહકોને મળે.

3. **ખર્ચ બચત:**
કેટલાક દેશોમાંથી સસ્તા ભાવે માલ આયાત થઈ શકે.

4. **ઔદ્યોગિક વિકાસ:**
ઉત્પાદન માટે જરૂરી કાચો માલ (જેમ કે ક્રૂડ ઓઈલ) આયાત કરી ઉદ્યોગો ચલાવી શકાય.

5. **બજાર સ્પર્ધા:**
આયાતથી સ્થાનિક ઉદ્યોગોમાં સ્પર્ધા વધે, જે ગ્રાહકો માટે ફાયદાકારક હોય.

# IMPORTના ગેરફાયદા

**1.સ્થાનિક ઉદ્યોગોને નુકસાન:**

વધુ પડતી આયાતથી સ્થાનિક ઉત્પાદકોને નુકસાન થઇ શકે.

**2.વિદેશી ચલણનો ખર્ચ:**

આયાત માટે વિદેશી ચલણ (જેમ કે ડોલર) ખર્ચાય, જે અર્થતંત્રને અસર કરે.

**3.નિર્ભરતા:**

વધુ પડતી આયાતથી દેશ અન્ય દેશો પર નિર્ભર બને.

**4.કસ્ટમ ડ્યૂટી અને ખર્ચ:**

આયાત પર ડ્યૂટી, શિપિંગ અને લોજિસ્ટિક્સ ખર્ચ વધે.

**5.ગુણવત્તાનું જોખમ:**

આયાતી માલની ગુણવત્તા અથવા ધોરણો અંગે અનિશ્ચિતતા.

## EXPORTના ગેરફાયદા

1. **ઉચ્ચ ખર્ચ:**

   નિકાસ માટે શિપિંગ, લોજિસ્ટિક્સ અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવામાં ખર્ચ વધે.

2. **બજારની અનિશ્ચિતતા:**

   વૈશ્વિક બજારમાં ભાવ ઘટાડો, માંગમાં ફેરફાર કે રાજકીય અસ્થિરતા જોખમ ઊભું કરે

3. **નિયમો અને ટેરિફ:**

   અન્ય દેશોના કડક નિયમો અને ટેરિફ નિકાસને મુશ્કેલ બનાવે.

4. **સ્થાનિક અછત:**

   વધુ પડતી નિકાસથી સ્થાનિક બજારમાં માલની અછત થઈ શકે.

5. **ગુણવત્તા દબાણ:**

   આંતરરાષ્ટ્રીય ધોરણો જાળવવા માટે વધારાનો ખર્ચ અને પ્રયાસ.

# EXPORTના ફાયદા

1. **વિદેશી ચલણની આવક:**

   નિકાસથી દેશમાં ડોલર, યુરો જેવું વિદેશી ચલણ આવે, જે અર્થવ્યવસ્થાને મજબૂત કરે

2. **આર્થિક વિકાસ:**

   નિકાસથી ઉધોગોનો વિકાસ, રોજગારી અને GDPમાં વધારો થાય

3. **બજાર વિસ્તરણ:**

   સ્થાનિક ઉત્પાદનો વૈશ્વિક બજારમાં પહોંચે, જે બ્રાન્ડની ઓળખ વધારે

4. **ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ:**

   વધારાનું ઉત્પાદન વિદેશમાં વેચી શકાય.

5. **સ્પર્ધાત્મકતા:**

   આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધા દ્વારા ગુણવત્તા અને નવીનતામાં સુધારો.

# India Total Export Grow by 6.01% to Reach Record $824.9 Billion in 2024-25



## The top 10 exports from India in 2024

1. Pharmaceuticals and Medicines
2. Gems and Jewelry
3. Engineering Goods
4. Textiles and Garments
5. Petroleum Products
6. Automobiles and Auto Parts
7. Agriculture and Food Products
8. Leather and Leather Products
9. Electronic Goods
10. Handloom And Cotton Yarns

# Top Countries That Buy (Imports) Indian Products

India's trade network spans across continents, with top export destinations including:

- United States
- United Arab Emirates
- Netherlands
- United Kingdom
- China
- Singapore
- Germany
- Saudi Arabia
- Bangladesh
- Australia

# TOP TEN STATE EXPORTER IN INDIA

| Number | State | Product | Total Export (%) |
|---|---|---|---|
| 1 | Gujarat | Petroleum | 33.35 |
| 2 | Maharashtra | Engineering Goods | 16.60 |
| 3 | Tamil Nadu | Engineering Goods | 9.32 |
| 4 | Karnataka | Petroleum | 6.39 |
| 5 | Uttar Pradesh | Electronic Goods | 4.97 |
| 6 | Andhra Pradesh | Engineering Goods | 4.54 |
| 7 | Haryana | Engineering Goods | 3.64 |
| 8 | West Bengal | Engineering Goods | 2.93 |
| 9 | Telangana | Drugs & Pharmaceutical | 2.61 |
| 10 | Odisha | Engineering Goods | 2.57 |

# How to Start Export Import Business In 2025 From India

1. Investment – 30 to 35 thousand
2. New idea of product
3. Product Selection of export (સોયાબીન,ચોખા,ઘઉં,બાજરી,અલગ અલગ પ્રકારના ફૂલો,Animal Product,ઈંડા,દૂધપનીર,પશુઓના ચારો,શાકભાજી,ફળો,
4. કઈ વસ્તુ ભારતમાંથી Export થાય છે તે જાણવા માટે Website :commerce.gov.in niryat
5. વસ્તુ સિલેકશન કાર્ય પછી Firm Name: export –import business શરુ કરવા
6. **Firm registration**
7. **Brand registration**
8. **GST**
9. **Current account-foreign exchange** થાય છે તેવી બેંકમાં ખાતું
10. IEC (Import Export Code)-website :https://www.dgft.gov.in
11. RCMC (Registration-Cum-Membership Certificate
12. ICE GATE Registration
13. Customs House Agent –CHA
14. Buyer Finding (Alibaba,IndiaMART and Trade India)






# Opportunity Export Import Business

| |
|---|
| Exporter |
| Importer |
| Freight Forwarder |
| Custom Clearance |
| Commission Agent |
| Sourcing Agent |

# Export Import Business of Documentation

| Pre-Shipment Document |
| --- |
| 1.ICE-www.dgft.gov.in-fees-500 rs |
| 2.GST-Charter accounter-Fees-1500rs -2000rs |
| 3.Current Account-Any bank-AD Code Certificate |
| 4.RCMC-Registration Cum Membership Certificate-fees 6000-12000 rs |

| Post-Shipment Document |
| --- |
| Proforma Invoice |
| Purchase Order |
| Commercial Invoice |
| Packing List |
| Bill of Lading / Airway Bill |
| Shipping Bill |
| Certificate of Origin |
| Insurance Documents |
| Bank Documents |

# DGFT Role in Export Import Business

DGFT (Directorate General of Foreign Trade) **એટલે કે વિદેશ વેપાર મહાનિદેશાલય ભારત સરકારનું એક મહત્વપૂર્ણ વિભાગ છે, જે ઈમ્પોર્ટ-એક્સપોર્ટ નીતિ** (Foreign Trade Policy) **બનાવે છે અને અમલમાં મૂકે છે.**

## DGFT નું કામ – ઉદાહરણ સહિત

1. **IEC (Importer Exporter Code) જારી કરવું**

•કામ: કોઈપણ બિઝનેસને ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કરવા માટે 10 અંકનો IEC ફરજિયાત છે.

ઉદાહરણ:

•અમદાવાદનો એક વેપારી મસાલા નિકાસ કરવા માંગે છે.

•તે DGFT પોર્ટલ પર અરજી કરે છે.

•DGFT તેને IEC કોડ આપે છે → હવે તે કાયદેસર નિકાસ કરી શકે છે.

## 2. Foreign Trade Policy (FTP) બનાવવી

- કામ: 5 વર્ષ માટે આયાત-નિકાસની નીતિ જાહેર કરવી.
- ઉદાહરણ:
- DGFT નીતિ બનાવે છે કે “ખાંડ (Sugar) નું નિકાસ કંટ્રોલમાં રહેશે” કારણ કે દેશમાં ભાવ વધ્યા છે.
- એટલે Exporter ને ખાંડ નિકાસ માટે ખાસ લાઈસન્સ લેવું પડે છે.

## 3. નિકાસ પ્રોત્સાહન યોજનાઓ (Export Incentives)

- કામ: નિકાસ વધારવા માટે Exporter ને ઈનસેન્ટિવ આપવું.
- ઉદાહરણ:
- Surat નો Textiles Exporter DGFT હેઠળની MEIS Scheme માટે અરજી કરે છે.
- નિકાસ પર તેને Duty Credit Scrip મળે છે, જેનાથી તે કસ્ટમ ડ્યુટી ઓછું ચૂકવી શકે છે.

## 4. લાઈસન્સ / પરવાનગી આપવી

•કામ: કેટલીક વસ્તુઓની આયાત/નિકાસ માટે લાઈસન્સ ફરજિયાત છે.

•ઉદાહરણ:

•એક ફાર્માસ્યુટિકલ કંપની દુર્લભ દવા (Controlled Drug) નિકાસ કરવા માંગે છે.

•તેને DGFT પાસેથી નિકાસ લાઈસન્સ લેવું પડે છે.

## 5. નિકાસ-આયાતના આંકડા અને મોનિટરિંગ

•કામ: કયા દેશમાં કેટલો માલ જાય છે, તેની માહિતી રાખવી.

•ઉદાહરણ:

•DGFT જાહેર કરે છે કે “2024-25 માં ભારતે યુએસએમાં 10 બિલિયન ડૉલરનાં જ્વેલરી નિકાસ કર્યા.”

# How to Register Import Export Code (IEC CODE)

DGFT Official Website

# Certificate of Import Export Code (IEC CODE)

सत्यमेव जयते

**Government of India**
**Ministry of Commerce and Industry**
**Directorate General of Foreign Trade**
**Office of the Additional Director General of Foreign Trade, Mumbai**
**CGO Office, New Building, SE wing,New Marine Lines , Churchgate,Mumbai**

**Importer-Exporter Code**

This is to certify that **LOK CHEMICALS PRIVATE LIMITED** is issued an Importer-Exporter Code (IEC) **0302015566** with details as follows -


| | |
|---|---|
| **IEC** | 0302015566 |
| **स्थाई खाता सं.(पैन) /PAN** | AAACL4936H |
| **फर्म का नाम/Firm Name** | LOK CHEMICALS PRIVATE LIMITED |
| **निगम की प्रकृति /Nature of Concern** | Private Limited |
| **जारी करने की तारीख/Date of Issue** | 06/06/2002 |
| **पता/Registered Address** | SOLITAIRE CORPORATE PARK, 741, 4TH.FLR, GHATKOPAR LINK ROAD, CHAKALA,ANDHEI E MUMBAI ,ANDHERI EAST,MUMBAI SUBURBAN,MAHARASHTRA,400093 |
| **धारक का नाम / Name of the Signatory** | RAHUL LOKNATH LOHIA |
| **Director / Partner Details** | Refer online at https://dgft.gov.in or scan the QR Code |
| **शाखा/इकाई /Branch Details** | Refer online at https://dgft.gov.in or scan the QR Code |

**Last Modified :** 06/05/2021
**File Number :** MUMIECPAMEND00011778AM22

**Note :** This is a system-generated certificate. Authenticity / Updated details of the IEC can be checked at official DGFT website https://dgft.gov.in by entering the IEC and Firm Name under Services > View Any IEC Details. You can also authenticate the certificate by scanning the QR code.

# What is RCMC?

Full Name: Registration Cum Membership Certificate



## RCMC મેળવવાની પ્રક્રિયા

### 1. સંબંધિત કાઉન્સિલ/બોર્ડ પસંદ કરો

સૌપ્રથમ તમારે તમારી નિકાસની વસ્તુ (Product/Commodity) પ્રમાણે Export Promotion Council (EPC) અથવા Commodity Board પસંદ કરવું પડશે.

- ઉદાહરણ:
  ટેક્સટાઇલ → TEXPROCIL
  મસાલા → Spices Board
  જ્વેલરી → GJEPC
  કૃષિ ઉત્પાદન → APEDA

### 2. IEC (Importer Exporter Code) હોવું જરૂરી છે

RCMC મેળવવા માટે તમારે DGFT પાસેથી IEC કોડ પહેલેથી જ મેળવેલો હોવો જોઈએ.
IEC વગર RCMC નહીં મળે.

### 3. અરજી કરો (Application Submission)

સંબંધિત EPC/Board ની ઓનલાઇન વેબસાઈટ અથવા તેમના ઓફિસમાં અરજી ફોર્મ ભરવું પડે છે.
સામાન્ય રીતે ઓનલાઇન અરજી વધારે ઝડપી થાય છે.

RCMC મેળવવાની પ્રક્રિયા

4. જરૂરી દસ્તાવેજો જોડો

- IEC સર્ટિફિકેટ
- PAN કાર્ડ (કંપની/પ્રોપ્રાયટરશિપનો)
- GST સર્ટિફિકેટ
- Memorandum & Articles of Association (કંપની હોય તો)
- Partnership Deed (પાર્ટનરશીપ હોય તો)
- બેંક સર્ટિફિકેટ
- પાસપોર્ટ સાઇઝ ફોટા
- ફી (Membership Fee + Admission Fee)

5. ફી ભરવી (Payment of Fees)

- દરેક EPC/Board પોતાની Annual Membership Fee અને Admission Fee નક્કી કરે છે.
- સામાન્ય રીતે ઓનલાઇન પેમેન્ટ (Net Banking, Card, NEFT/RTGS) થઈ શકે છે.

6. તપાસ (Verification)

- કાઉન્સિલ/બોર્ડ તમારી અરજી અને દસ્તાવેજોની તપાસ કરશે.
- જો બધું સાચું હોય તો RCMC ઈસ્યુ કરવામાં આવશે.

7. RCMC પ્રમાણપત્ર મળે છે

- સફળતાપૂર્વક પ્રક્રિયા પૂર્ણ થયા પછી તમને Registration-Cum-Membership Certificate મળી જશે.
- સામાન્ય રીતે આ 5 વર્ષ માટે માન્ય હોય છે (પછી રિન્યૂ કરાવવું પડે છે).

RCMC લીધા પછીના લાભો:

1. સરકારની નિકાસ પ્રોત્સાહન યોજનાઓનો લાભ
2. વિદેશી ખરીદદારો સાથે વિશ્વાસ વધે છે
3. EPC દ્વારા આયોજિત Export Fairs, Seminars, Buyer-Seller Meets માં ભાગ લઈ શકાય છે
4. આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ સરળ બને છે

# Certificate of RCMC

UDINRCMC00544526AM24

एपीडा
APEDA

## AGRICULTURAL AND PROCESSED FOOD PRODUCTS EXPORT DEVELOPMENT AUTHORITY

APEDA MUMBAI

4th Floor, Unit No. 3 & 4 Banking Complex Bldg. No.II, Sector 19/A, Vashi New Mumbai, NEW MUMBAI.

THANE, MAHARASHTRA, 400705.

Email - ppwaghmare@apeda.gov.in, Telephone - +91- 22-27840949 Website - https://apeda.gov.in

### REGISTRATION - CUM - MEMBERSHIP CERTIFICATE

(Issued under the provisions of Foreign Trade Policy, Government of India)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Name of the exporter** | HARIDRA OVERSEAS | | | | |
| **IEC Number** | AAQFH5208M | **PAN** | AAQFH5208M | **Date of Birth / Incorporation** | 09/11/2023 |
| **Address of the Registered/Head Office** | GROUND FLOOR AT 172 SHENDURJANE TALUKA WAI WAI, 412802, SATARA, MAHARASHTRA | | | | |
| **Nature of Concern** | Partnership | | | | |
| **Description of goods/ services for which registered** | FRUITS AND VEGETABLES, OTHER PROCESSED FOODS | | | | |
| **Registration Number** | RCMC/APEDA/06375/2023-2024 | | | | |
| **Issued against File Number** | RCMCAPPLYAPEDA00083627AM24 | | | | |
| **Registered as** | Merchant Exporter | | | | |
| **Name of the Proprietor/ Partner(s)/Director(s)/Karta** | Priyanka Sandeep Gaikwad,Nutan Nitin Tanksale | | | | |

This certificate is issued as per the details of our records and is subject to the conditions laid down in the relevant scheme of registration of this council.

| | | | |
|---|---|---|---|
| **Issue Date** | 22/03/2024 | **Valid upto** | 17/03/2029 |

**Additional Remarks from Registering Authority:**RCMC

**Note: Refer DGFT Website (Services - View IEC Related Details - View Any IEC) for IEC Branch and Director details.**

Signature Not Verified

Digitally Signed
Name: PRASHANT PRAMOD WAGHMARE
Date: 22-Mar-2024 17:2?:41
Reason: ppwaghmare@apeda.gov.in

# What is LOI (Letter of Intent)

A. LOI એટલે ખરીદદારો (Buyer) અથવા વેચનાર (Seller) દ્વારા આપવામાં આવતો પ્રાથમિક (Initial) દસ્તાવેજ.

B. તેમાં એ દર્શાવાય છે કે પક્ષ (Buyer/Seller) કોઈ ચોક્કસ માલ/સેવા ખરીદવા અથવા વેચવા માટેની મંજુરી / ઇચ્છા ધરાવે છે.

C. LOI કાયદેસરનો કરાર (Final Contract) નથી, પણ Negotiation (વાટાઘાટ) શરૂ કરવા માટેનો આધાર છે.

**LOI માં સામાન્ય રીતે શું હોય છે?**

1. માલ/સામાનનું વર્ણન (Description of goods)
2. જથ્થો (Quantity)
3. અંદાજીત કિંમત (Indicative Price/Terms)
4. ડિલિવરી શરતો (Delivery Terms – FOB, CIF વગેરે)
5. ચુકવણીની શરતો (Payment Terms – LC, Advance વગેરે)
6. માન્ય સમયગાળો (Validity period of LOI)

**LOI નો ઉપયોગ કેમ થાય છે?**

- Buyer/Seller વચ્ચે પ્રારંભિક વિશ્વાસ સ્થાપિત કરવા માટે
- બેંક અથવા નાણાકીય સંસ્થાને બતાવવા કે ટ્રાન્ઝેક્શન વાસ્તવિક છે
- આગળના Purchase Order (PO) અથવા Sales Contract બનાવવા માટેની તૈયારી કરવા

# What is AD Code?

**ઈમ્પોર્ટ-એક્સપોર્ટ વેપારમાં AD Code એટલે Authorized Dealer Code.**

**AD Code શું છે?**

❖ભારતના વિદેશ વેપારમાં નિકાસકાર (Exporter) માટે જરૂરી દસ્તાવેજ છે.

❖AD Code એટલે એક 7 અંકનો નંબર જે Reserve Bank of India (RBI) દ્વારા ઓથોરાઈઝ્ડ કરેલી બેંક (Authorized Dealer Bank) દ્વારા આપવામાં આવે છે.

❖આ કોડ શિપમેન્ટ (Shipping Bill) ફાઈલ કરવા માટે કસ્ટમ્સ (ICEGATE System) માં રજીસ્ટર કરવો પડે છે.

**AD Code કેમ જરૂરી છે?**

1. નિકાસકારનો બેંક એકાઉન્ટ કસ્ટમ્સ સાથે લિંક કરવા માટે.
2. વિદેશથી આવતા નિકાસના પેમેન્ટ (Foreign Exchange Remittance) યોગ્ય રીતે બેંક મારફતે મેળવવા માટે.
3. Shipping Bill જનરેટ કરવા માટે કસ્ટમ હાઉસ (Customs) પર ફરજિયાત છે.
4. નિકાસ પર મળતા સરકારી લાભો (Duty Drawback, GST Refund, Export Incentives) મેળવવા માટે.

## AD Code મેળવવાની પ્રક્રિયા:

1. તમારી બેંક (જેમાં નિકાસકારનું કરન્ટ એકાઉન્ટ હોય) પાસે અરજી કરો.
2. બેંક તમને AD Code Letter આપશે (બેંકના Letterhead પર).
3. આ લેટર સાથે કસ્ટમ્સ ઓફિસ (Port/ICD) પર જઈને AD Code Registration કરાવો.
4. કસ્ટમ્સ સિસ્ટમ (ICEGATE) માં રજીસ્ટ્રેશન થયા પછી જ તમે Shipping Bill ફાઈલ કરી શકો છો.

## ઉદાહરણ: અમદાવાદથી યુએસએમાં ટેક્સટાઇલ નિકાસ

1. Exporter (નિકાસકાર)

- અમદાવાદનો એક ટેક્સટાઇલ ઉત્પાદક યુએસએમાં કપડાં નિકાસ કરવા માંગે છે.
- તેણે DGFT પાસેથી IEC Code લઈ લીધો છે.

**2. AD Code મેળવવું**

•Exporter પાસે SBIમાં કરંટ એકાઉન્ટ છે.

•તેણે SBI પાસેથી અરજી કરી અને બેંકે તેના નામે AD Code Letter (7 અંકનો નંબર) જારી કર્યો.

ઉદાહરણ: AD Code = 0512347 (આ ફક્ત ઉદાહરણ છે).

**3. Customs માં AD Code Registration**

•Exporter આ AD Code Letter લઈને મુંદ્રા પોર્ટ (Mundra Port) કસ્ટમ્સ માં ગયો.

•ત્યાં કસ્ટમ્સ વિભાગે આ કોડને ICEGATE System માં રજીસ્ટર કર્યો.

**4. Shipment દરમિયાન**

•Exporter જ્યારે Shipping Bill ફાઈલ કરે છે, ત્યારે સિસ્ટમ આપમેળે તેના AD Code (0512347) લિંક કરે છે.

•આથી કસ્ટમ્સ અને RBI ને ખબર પડે છે કે નિકાસની રકમ કઈ બેંક એકાઉન્ટમાં આવશે.

**5. Payment**

•યુએસએનો ખરીદદાર $50,000 ચૂકવે છે.

•આ રકમ સીધી Exporter ની બેંક (SBI, અમદાવાદ બ્રાંચ, AD Code: 0512347) મારફતે આવે છે.

•RBI ના નિયમ મુજબ SBI એ ડૉલર્સને રૂપિયા (INR) માં કન્વર્ટ કરીને Exporter ના એકાઉન્ટમાં જમા કરે છે.

# Customs Role in Export Import Business

## 1. Customs શું કરે છે?

કસ્ટમ્સ એ એક સરકારી વિભાગ છે જે સરહદ પરથી આવતા અને જતા માલ પર નજર રાખે છે.

તેનું મુખ્ય કામ:

- સરકાર માટે કર વસૂલવું
- ગેરકાયદેસર માલસામાન રોકવું
- વેપારીઓને ઝડપી ક્લિયરન્સ આપવું
- દેશની વિદેશ નીતિ અને વેપાર નીતિ લાગુ કરવી



## 2. Export (નિકાસ) માં Customsની ભૂમિકા

જયારે આપણે માલ વિદેશ મોકલીએ છીએ, ત્યારે કસ્ટમ્સનું કામ:

1.Exporter documents આપે છે

- Invoice
- Packing List
- Shipping Bill
- Export License (જો જરૂરી હોય તો)

2. Customs માલ ચેક કરે છે – સાચું છે કે નહીં.
3. જો Export Duty લાગુ હોય તો વસૂલ કરે છે.
4. પછી LEO (Let Export Order) આપે છે → એટલે માલ વિદેશ મોકલવાની મંજૂરી.

## Example (Export):

- સુરતનો વેપારી Dubaiમાં કપડાં મોકલે છે
- Customs Invoice અને Shipping Bill ચેક કરે છે.
- કોઈ ban / restriction નથી એ ખાતરી કરે છે.
- મંજૂરી આપીને માલ બંદર પરથી જહાજમાં ચડાવવામાં આવે છે.

## 3. Import (આયાત) માં Customsની ભૂમિકા.

જયારે આપણે વિદેશમાંથી માલ મંગાવીએ છીએ, ત્યારે Customsનું કામ:

1. Importer documents આપે છે
   - Invoice
   - Packing List
   - Bill of Lading/Airway Bill
   - Bill of Entry (કસ્ટમ્સ ફોર્મ)
2. Customs માલ ચેક કરે છે → કેટલો માલ છે, કેટલો Tax લાગશે.
3. Import Duty, GST, IGST વસૂલ કરે છે.
4. પછી Out of Charge (OOC) આપે છે → એટલે માલ Importerના ગોડાઉન સુધી લઈ જઈ શકાય છે.

**Example (Import):**

- અમદાવાદનો વેપારી Chinaમાંથી mobile phone મંગાવે છે.
- Customs HSN Code પ્રમાણે 20% Duty વસૂલે છે.
- Duty ચૂકવ્યા પછી માલ Importerને આપવામાં આવે છે.

## 4. Customs કેમ જરૂરી છે?

- સરકારને આવક (Revenue) મળે છે
- ગેરકાયદેસર માલસામાન (drugs, arms, counterfeit goods) રોકાય છે
- સાચા વેપારીઓને સુરક્ષા મળે છે
- દેશની foreign trade policy અમલમાં આવે છે

# Role & Duties of Customs Officer in Import –Export

Customs Officer એટલે એ સરકારી અધિકારી જે બંદર, એરપોર્ટ, લેન્ડ બોર્ડર પર Import-Export થતા માલસામાનની દેખરેખ રાખે છે.

1. **Revenue Collection (કર વસૂલાત)**

- આયાત-નિકાસ પર લાગતા Custom Duty, IGST, GST, Export Duty વસૂલવી.

**Example:**

ચીનમાંથી Ahmedabad માં mobile phone આવે → Customs Officer HSN Code પ્રમાણે 20% Duty ગણતો અને વસૂલે છે.



## 2. Verification of Documents (દસ્તાવેજોની ચકાસણી)

- Importer/Exporter દ્વારા આપવામાં આવેલ Invoice, Packing List, Bill of Entry, Shipping Bill વગેરે ચેક કરવી.

**Example:**

સુરતનો Exporter Dubai માં કપડાં મોકલે છે → Officer Invoice અને Shipping Bill ચેક કરીને ખાતરી કરે છે કે ભાવ અને જથ્થો સાચો છે.

## 3. Inspection of Goods (માલની તપાસ)

- ક્યારેક માલની ફિઝિકલ ચકાસણી કરી ખાતરી કરવી કે દસ્તાવેજમાં લખેલો માલ જ છે.

**Example:**

Importer કહે છે કે તેણે "Food Grains" Import કર્યા છે → Officer કન્ટેનર ખોલીને ચકાસે કે ખરેખર Food Grains જ છે કે કોઈ ગેરકાયદેસર વસ્તુ (Drugs, Weapons) તો નથી.

## 4. Security & Prevention of Smuggling (ગેરકાયદેસર વેપાર રોકવો)

- Drugs, Arms, Fake Currency, Wildlife Products જેવા ગેરકાયદેસર માલસામાન રોકવું.

**Example:**

Mumbai Airport પર મુસાફર પાસે Gold છૂપાવેલું મળે તો Customs Officer તેને જપ્ત કરી કાનૂની કાર્યવાહી કરે છે.

## 5. Trade Facilitation (વ્યાપાર સુગમતા)

- સાચા વેપારીઓને ઝડપી Clearance આપવી જેથી તેમની નિકાસ-આયાતમાં વિલંબ ન થાય.

**Example**:

Risk Management System (RMS) હેઠળ સાચા Exporterને માલ ચેક કર્યા વગર જ Clearance આપી દેવામાં આવે છે.

## 6. Implementation of Policies (સરકારી નીતિ અમલ)

- DGFT, Foreign Trade Policy, Import Export Regulation નો અમલ કરાવવો.

**Example:**

જો સરકાર કોઈ વસ્તુ પર Import Ban મૂકે (જેમ કે Hazardous Waste), તો Customs Officer ખાતરી કરે છે કે તે વસ્તુ દેશની અંદર ન આવે.

## 7. Providing Statistics (આંકડા તૈયાર કરવાં)

- કયા દેશમાંથી કેટલો માલ આવ્યો, કયા દેશમાં કેટલો નિકાસ થયો તેના આંકડા એકત્ર કરવાં.

# Customs Clearance Process in Import Export Business

Customs Clearance એટલે વિદેશમાંથી માલ આયાત (Import) અથવા નિકાસ (Export) કરતી વખતે સરકાર પાસે કાયદેસર મંજૂરી મેળવવાની પ્રક્રિયા.



## 1. Export Customs Clearance (નિકાસ)

જયારે કોઈ વેપારી વિદેશમાં માલ મોકલે છે, ત્યારે Customs Clearanceની પ્રક્રિયા:

પગલાં:

1. Documents તૈયાર કરવાં
   - Invoice (ભાવ પત્રક)
   - Packing List
   - Shipping Bill (કસ્ટમ્સ ફોર્મ)
   - Export License (જો જરૂરી હોય તો)
2. Shipping Bill file કરવું → ICEGATE Portal પર Online.
3. Customs Checking
   - માલની તપાસ (ક્યારેક ફિઝિકલ ચેક પણ થાય છે).
   - દસ્તાવેજો સાચા છે કે નહીં તે ચેક થાય છે.
4. Duty વસૂલાત (જો Export Duty લાગુ હોય તો).
5. LEO (Let Export Order) → Customs કહે છે “હવે તમારો માલ વિદેશ મોકલી શકો છો”

**Example (Export):**

સુરતનો ડાયમન્ડ વેપારી USA જ્વેલરી મોકલે છે

- Invoice + Packing List + Shipping Bill ફાઈલ કરે છે.
- Customs ચેક કરીને LEO આપે છે.
- માલ જહાજમાં ચડે છે અને USA જાય છે.

## 2. Import Customs Clearance (આયાત)

જયારે કોઈ વેપારી વિદેશમાંથી માલ મંગાવે છે, ત્યારે Customs Clearanceની પ્રક્રિયા:

**પગલાં:**

1. Documents તૈયાર કરવાં
- Invoice
- Packing List
- Bill of Lading / Airway Bill
- Bill of Entry (કસ્ટમ્સ ફોર્મ)
2. Bill of Entry file કરવું → ICEGATE Portal પર.
3. Assessment by Customs →
- HSN Code પ્રમાણે Duty (Import Duty, GST, IGST) ગણવામાં આવે છે.
- માલનું મૂલ્ય ચેક થાય છે.
4. Duty Payment → Importer ઓનલાઇન Duty ચૂકવે છે.
5. Examination (Inspection) → Customs Officer ક્યારેક માલની ફિઝિકલ તપાસ કરે છે.
6. OOC (Out of Charge) → Customs clearance આપે છે → હવે માલ Importer પોતાના ગોડાઉનમાં લઈ જઈ શકે છે.

Example (Import):

અમદાવાદનો વેપારી Chinaથી મશીન મંગાવે છે

- Bill of Entry file કરે છે.
- Customs Duty + IGST ચૂકવે છે.
- Customs OOC આપે છે.
- માલ વેપારીના ગોડાઉનમાં પહોંચે છે.

# What is role of CHA (Custom House Agent) in Import-Export

**CHA એટલે Custom House Agent.**

તે વ્યક્તિ કે એજન્સી જે Importer અથવા Exporter માટે કસ્ટમ્સની તમામ ફોર્મેલિટીઝ પૂરી કરે છે.

Importer/Exporterને દર વખતે કસ્ટમ ઓફિસમાં જઈને કાગળો, ડ્યુટી, ડોક્યુમેન્ટ્સ, ક્લિઅરન્સ વગેરે કરવું મુશ્કેલ પડે. એ કામ CHA કરે છે.



## CHA ના મુખ્ય કામ

1. ડોક્યુમેન્ટ તૈયારી – Bill of Entry, Shipping Bill, Invoice, Packing List વગેરે બનાવવું.
2. ડ્યુટી ગણતરી – માલ પર લાગતી Import Duty કે Export Duty ગણવી.
3. કસ્ટમ ક્લિયરન્સ – માલ કાયદેસર રીતે કસ્ટમ ચેક પસાર થાય તેની ખાતરી કરવી.
4. લોજિસ્ટિક્સ કો-ઓર્ડિનેશન – પોર્ટ, શિપિંગ લાઇન, ટ્રાન્સપોર્ટ કંપની સાથે માલની હેરફેર કરવી.
5. Importer/Exporter ને માર્ગદર્શન – કયો ડોક્યુમેન્ટ જરૂરી છે, કયા નિયમો લાગુ પડે છે એ સમજાવવું.

## ઉદાહરણથી સમજીએ

માનો કે રાજેશભાઈ અમદાવાદના છે અને તેઓ ચીનમાંથી મશીનરી Import કરે છે.

- માલ મુંબઈ પોર્ટ પર પહોંચે છે.
- હવે રાજેશભાઈને કસ્ટમ્સમાં Bill of Entry ભરવું છે, Import Duty ચુકવવી છે, માલ ચેક કરાવવો છે.
- રાજેશભાઈને આ પ્રક્રિયા ખબર નથી, સમય પણ નથી.

તેઓ એક CHA (ધારીયે કે "ABC CHA Services") રાખે છે.

- CHA બધા ડોક્યુમેન્ટ તૈયાર કરે છે.
- Import Duty ચુકવવાની પ્રક્રિયા કરે છે
- કસ્ટમ ઓફિસમાં માલની ચેકિંગ કરાવે છે.
- પછી રાજેશભાઈનો માલ પોર્ટમાંથી બહાર લાવી તેમને પહોંચાડે છે.

## સરળ શબ્દોમાં

CHA = Importer/Exporter અને Customs Department વચ્ચેનો બ્રિજ (સેતુ).

Importer/Exporterનો સમય બચાવે, કાયદાકીય મુશ્કેલીઓથી બચાવે અને માલ સરળતાથી પોર્ટમાંથી અંદર-બહાર કરે.

# CHA ROLE IN IMPORT -EXPORT

| મુદ્દો / કામગીરી | Import માં CHA નો રોલ | Export માં CHA નો રોલ |
|---|---|---|
| ડોક્યુમેન્ટ તૈયારી | Bill of Entry, Invoice, Packing List, Import License વગેરે બનાવે | Shipping Bill, Export Invoice, Packing List, ARE-1 Form તૈયાર કરે |
| ડ્યુટી / ટેક્સ | Import Duty, GST, IGST વગેરેની ગણતરી અને ચુકવણી કરે | Exportમાં સામાન્ય રીતે Duty નહીં હોય, પણ જરૂરી ડોક્યુમેન્ટ્સમાં મદદ કરે |
| કસ્ટમ ક્લિયરન્સ | કસ્ટમ ઓફિસર સાથે પ્રોસેસ પૂરી કરાવે, માલ કાયદેસર અંદર લાવે | કસ્ટમ્સ EDI સિસ્ટમમાં એન્ટ્રી કરે અને Let Export Order (LEO) મેળવવામાં સહાય કરે |
| ઇન્સ્પેક્શન / ચેકિંગ | કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા માલની તપાસમાં હાજરી આપે | Export માલનું કસ્ટમ્સ દ્વારા ચેકિંગ કરાવે |
| લોજિસ્ટિક્સ કો-ઓર્ડિનેશન | પોર્ટ/એરપોર્ટમાંથી માલ Importer સુધી પહોંચાડે | શિપિંગ લાઇન / એરલાઇન સાથે સમન્વય કરી માલ વિદેશ મોકલે |
| અંતિમ પરિણામ | Importer સુધી માલ સલામત રીતે પહોંચાડે | Exporter નો માલ વિદેશી ખરીદદાર સુધી મોકલે |

# What is HS Code (Harmonized System Code) in Import Export Business

## HS Code શું છે?

- HS Code એટલે Harmonized System Code.
- આ એક આંતરરાષ્ટ્રીય કોડિંગ સિસ્ટમ છે જેનો ઉપયોગ માલ (Goods) ને ઓળખવા માટે થાય છે.
- દરેક માલને એક નિશ્ચિત નંબર (Code) અપાય છે જેથી દુનિયાભરના કસ્ટમ્સ, ટ્રેડર્સ અને સરકારો સમજી શકે કે માલ કયો છે.

## HS Code કેમ જરૂરી છે?

1. કસ્ટમ્સ ક્લિઅરન્સ માટે – ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કરતી વખતે કસ્ટમ ઓફિસરને જાણ થાય કે કયો માલ છે.
2. ટેક્સ અને ડ્યુટી ગણવા માટે – કયા માલ પર કેટલો ટેક્સ લાગશે તે HS Code પરથી નક્કી થાય છે.
3. સ્ટેટિસ્ટિકલ ડેટા માટે – દેશના ઈમ્પોર્ટ અને એક્સપોર્ટની ગણતરી કરવા માટે.
4. કાયદા અને નિયમો માટે – કેટલીક વસ્તુઓ પર પ્રતિબંધ હોય તો તે HS Code થી ઓળખી શકાય.

## HS Code ની રચના

- સામાન્ય રીતે 6 અંકનો કોડ આંતરરાષ્ટ્રીય સ્તરે હોય છે.
- કેટલાક દેશો તેને વધુ (8 કે 10 અંક) સુધી વિસ્તારે છે.

## સરળ ઉદાહરણ

ધારો કે તમે ચોખા (Rice) એક્સપોર્ટ કરો છો:

- તમારો પ્રોડક્ટ છે: Rice
- Rice માટે HS Code છે: 1006
- જો તે મસાલેદાર પેકેજિંગમાં હોય તો તેની Sub-heading અલગ હોઈ શકે.

અથવા

તમે Mobile Phone ઈમ્પોર્ટ કરો છો:

- Mobile Phone નો HS Code છે: 8517.12
- આ કોડ પરથી કસ્ટમ ઓફિસર નક્કી કરશે કે તેના પર કેટલો Import Duty લાગશે.

**સારાંશમાં:HS Code એ વસ્તુઓને ઓળખવાનો આંતરરાષ્ટ્રીય નંબર છે, જેના આધારે Import-Export માં ટેક્સ, કાયદો અને રિપોર્ટિંગ કરવામાં આવે છે.**

# What is Certificate of Origin (COO)

## Certificate of Origin (COO) શું છે?

- Certificate of Origin એ એક સરકારી પ્રમાણપત્ર (Document) છે.
- જે બતાવે છે કે માલ કયા દેશમાં બન્યો છે અથવા ઉત્પાદન થયો છે.
- તેને સામાન્ય રીતે ચેમ્બર ઓફ કોમર્સ (Chamber of Commerce) અથવા સરકારી માન્ય સંસ્થા દ્વારા જારી કરવામાં આવે છે.

## એ શા માટે જરૂરી છે?

1. કસ્ટમ્સ ક્લિઅરન્સ માટે → Import કરનાર દેશની કસ્ટમ અધિકારીને ખબર પડે કે માલ કયા દેશમાંથી આવ્યો છે.
2. ડ્યુટી (Import Tax) નક્કી કરવા માટે → ઘણી વાર બે દેશ વચ્ચે Free Trade Agreement (FTA) હોય છે, તો COO બતાવવાથી ઓછો ટેક્સ અથવા Zero Duty લાગશે.
3. બજારમાં વિશ્વાસ માટે → માલનો મૂળ દેશ જાણી ખરીદદારોને વિશ્વાસ રહે છે કે પ્રોડક્ટ સાચો છે.
4. પ્રતિબંધ અને નિયમો માટે → જો કોઈ દેશના માલ પર પ્રતિબંધ હોય તો COOથી કસ્ટમ્સ અટકાવે છે.

## Certificate of Origin ના પ્રકાર

1 Non-preferential COO

- ફક્ત એ સાબિત કરવા માટે કે માલ કયા દેશનો છે.
- કોઈ ખાસ ટેક્સમાં છૂટ નથી મળતી.

2. Preferential COO

- જ્યારે બે દેશો વચ્ચે Trade Agreement હોય
- આ COO બતાવવાથી Import Duty ઓછી થાય કે Zero થઈ જાય.

ઉદાહરણથી સમજીએ માન લો કે ભારતમાંથી ચોખા (Rice) નિકાસ (Export) થાય છે:

- Exporter (ભારતીય વેપારી) Certificate of Origin Chamber of Commerce પાસેથી લઈ લે છે.
- COO પર લખેલું હશે:
- Export Product: Rice
- Country of Origin: India
- Exporter: ABC Exports Pvt Ltd
- Importer: XYZ Trading, Dubai

હવે દુબઈના કસ્ટમ્સ અધિકારી આ COO જોઈને સમજે છે કે ચોખા ભારતમાંથી આવ્યા છે.

•જો ભારત અને દુબઈ (UAE) વચ્ચે કોઈ Agreement હોય તો ઓછો Import Duty લાગશે.

**સારાંશ**

- Certificate of Origin = માલનું જન્મ સર્ટિફિકેટ ✅
- તે કહે છે → આ વસ્તુ કયા દેશની છે.
- તેનાથી કસ્ટમ્સ, ડ્યુટી, પ્રતિબંધ અને વિશ્વાસ બધું સ્પષ્ટ થાય છે.

# What is EPC & Commodity Board in Import Export

## 1) EPC – Export Promotion Council શું છે?

- EPC એટલે Export Promotion Council.
- આ એક સરકાર માન્ય સંસ્થા છે જે export કરતા વેપારીઓને માર્ગદર્શન આપે છે અને export વધારવામાં મદદ કરે છે.
- દરેક EPC ચોક્કસ પ્રોડક્ટ અથવા ઉદ્યોગ માટે બને છે.

## કામ શું કરે છે?

1. Exporter ને RCMC (Registration-cum-Membership Certificate) આપે છે – જે export કરવા માટે જરૂરી છે.
2. Exporter ને વિદેશી માર્કેટ વિશે માહિતી આપે છે.
3. ટ્રેડ ફેર અને એક્સિબિશનમાં ભાગ લેવા પ્રોત્સાહન આપે છે.
4. Export Policy અને સરકારની સબસિડી / પ્રોત્સાહન યોજનાઓ સમજાવે છે.

## ઉદાહરણ

- EEPC India → Engineering Goods માટે.
- APEDA → કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ માટે.
- GJEPC → Gems & Jewellery માટે.

માનો કે તમે બાસમતી ચોખા (Rice) Export કરો છો → તો તમારે APEDA EPC માં રજિસ્ટર કરવું પડશે.

## 2) Commodity Boardશું છે?

- Commodity Board એ સરકાર દ્વારા રચાયેલ બોર્ડ/સંસ્થા છે.
- જે ખાસ કોમોડિટી (વસ્તુઓ) ના ઉત્પાદન, ગુણવત્તા અને Export ને પ્રોત્સાહિત કરે છે.
- તેઓ સંશોધન, વિકાસ અને આંતરરાષ્ટ્રીય માર્કેટિંગમાં પણ મદદ કરે છે.

## કામ શું કરે છે?

1. Export માટે ગુણવત્તા સ્ટાન્ડર્ડ નક્કી કરે છે.
2. વિદેશી માર્કેટમાં પ્રચાર કરે છે.
3. ખેડૂત અને વેપારીને ટેક્નિકલ મદદ આપે છે.
4. Export વધારવા માટે નીતિ બનાવે છે.

## ઉદાહરણ

- Coffee Board of India → કોફી માટે.
- Tea Board of India → ચા માટે.
- Rubber Board → રબર માટે.
- Spices Board → મસાલા માટે.

માનો કે તમે ચા (Tea) Export કરો છો → તો તમારે Tea Board of India સાથે કામ કરવું પડશે.

## સારાંશ

- EPC (Export Promotion Council) → Exporter ને માર્ગદર્શન અને Registration (RCMC) આપે છે.
- Commodity Board → ચોક્કસ વસ્તુ (Tea, Coffee, Spices) માટે ગુણવત્તા અને વિકાસનું કામ કરે છે.

# Transport Mode in Import Export Business

1. **Sea Transport (સમુદ્રી માર્ગ)**
    - સૌથી વધારે ઉપયોગ થતો માર્ગ.
    - મોટા પ્રમાણમાં (bulk) અને ભારે માલ માટે યોગ્ય.
    - ખર્ચ ઓછો પરંતુ સમય વધારે લાગે છે.

**Example:**

- ભારતમાંથી મશીનરી, મસાલા, કપાસ, ચોખા, કેમિકલ્સ, ઓઇલ વગેરે મોટી કન્ટેનરમાં શિપ દ્વારા અમેરિકા, યુરોપ મોકલાય છે.

**લાભ:**

- મોટા પાયે સસ્તું.
- ભારે માલ સરળતાથી મોકલી શકાય.

**ગેરલાભ:**

- સમય વધારે લાગે (30–45 દિવસ).
- હવામાનના જોખમ.

## 2. Air Transport (હવાઈ માર્ગ)

- ઝડપથી માલ મોકલવાનો શ્રેષ્ઠ રસ્તો.
- ખર્ચ વધારે પડે છે, પરંતુ નાશ પામતા (perishable) કે કિંમતી (valuable) માલ માટે યોગ્ય.

**Example:**

- ગુજરાતથી ફૂલ, ફળ, શાકભાજી, દવાઓ, ડાયમંડ્સ લંડન કે દુબઈ મોકલાય છે.

## લાભ:

- ઝડપી ડિલિવરી (1–2 દિવસમાં).
- સુરક્ષિત અને વિશ્વસનીય.

## ગેરલાભ:

- બહુ ખર્ચાળ.
- ભારે કે મોટા વોલ્યુમવાળા માલ માટે યોગ્ય નથી.

## 3. Road Transport (રોડ દ્વારા પરિવહન)

- ખાસ કરીને પાડોશી દેશો (border trade) માટે ઉપયોગી.
- ટૂંકા અંતરે ઝડપથી માલ પહોંચાડવા યોગ્ય.

**Example:**

- ભારતમાંથી ટ્રક દ્વારા નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશમાં માલ મોકલાય છે.

**લાભ:**

- ટૂંકા અંતરે સસ્તું અને ઝડપી.
- Door-to-door ડિલિવરી શક્ય.

**ગેરલાભ:**

- લાંબા અંતરે ખર્ચાળ અને સમયખાઉ.
- રોડ કન્ડિશન પર આધારિત.

## 4. Rail Transport (રેલ્વે માર્ગ)

- મોટાપાયે માલ (Bulk Cargo) લઈ જવામાં યોગ્ય.
- ખાસ કરીને જમીનથી જોડાયેલા (landlocked) દેશોમાં ફાયદાકારક.

**Example**:

- ભારતમાંથી ચીન, બાંગ્લાદેશ અથવા રશિયા સુધી રેલ દ્વારા કાચામાલ, ખાદ્યપદાર્થો મોકલાય છે.

## લાભ:

- વધારે માલ એકસાથે લઈ જવામાં સક્ષમ.
- ખર્ચ ઓછો.

## ગેરલાભ:

- બધી જગ્યાએ સીધી રેલ લાઇન નથી.
- Port સુધી પહોંચવા માટે road transport પણ લગાડવો પડે છે.

## 5. Multimodal Transport (એકથી વધુ માર્ગનું મિશ્રણ)

- એક સાથે 2 અથવા વધુ પરિવહન પદ્ધતિનો ઉપયોગ.
- સૌથી પ્રેક્ટિકલ અને કોમન પદ્ધતિ Import – Exportમાં.

**Example:**

- માલ ફેક્ટરીમાંથી ટ્રક દ્વારા મુંબઇ પોર્ટ → પછી સમુદ્રી માર્ગથી દુબઇ → દુબઇ પોર્ટથી ટ્રક દ્વારા ખરીદદાર સુધી.

## લાભ:

- સમય અને ખર્ચનું સંતુલન.
- Door-to-door સેવા.

## ગેરલાભ:

- કો-ઓર્ડિનેશન વધારે જોઈએ.
- અલગ-અલગ ટ્રાન્સપોર્ટ પર આધાર.

# What is Containerization in Import Export Business

**Containerization શું છે?**

- Containerization એટલે માલને મોટા સ્ટાન્ડર્ડ સાઇઝના સ્ટીલ કન્ટેનરમાં પેક કરીને ટ્રાન્સપોર્ટ કરવો.
- આ કન્ટેનર Ship, Truck, Train, Air Cargo – બધા પર સરળતાથી ચઢી શકે છે.
- Container સામાન્ય રીતે 20 feet (TEU) અને 40 feet (FEU) ના સ્ટાન્ડર્ડ સાઇઝમાં હોય છે.

આથી માલ સુરક્ષિત, ઝડપી અને સસ્તું રીતે એક દેશથી બીજા દેશમાં મોકલાય છે.

## Containerization ના ફાયદા

1. **Standardization (માનકીકરણ):**
   - કન્ટેનરનું સાઇઝ સ્ટાન્ડર્ડ હોવાથી વિશ્વના તમામ પોર્ટ, શિપ, ટ્રક અને ટ્રેનમાં સરળતાથી ફીટ થાય છે.
2. **Safety (સુરક્ષા):**
   - માલ સીલ થયેલા કન્ટેનરમાં હોય છે એટલે ચોરી, તોડફોડ, હવામાનનો જોખમ ઓછો.
3. **Efficiency (કાર્યક્ષમતા):**
   - Loading અને Unloading ઝડપી થાય છે. Crane થી સરળતાથી કન્ટેનર

## 4. Cost Saving (ખર્ચ બચત):

- મોટા પાયે માલ મોકલવામાં સરળતા રહે છે એટલે transportation cost ઘટે છે.

## 5. Door-to-door service:

- ફેક્ટરીમાંથી ટ્રકમાં કન્ટેનર ચઢાવીને → Ship → પછી ફરી ટ્રકથી ગ્રાહક સુધી સીધું પહોંચાડી શકાય છે.

## Container ના પ્રકાર (Types of Containers)

1. Dry Storage Container – સામાન્ય માલ માટે (કપડાં, મશીનરી, પ્લાસ્ટિક, કેમિકલ).
2. Refrigerated Container (Reefer) – ફળ, શાકભાજી, દૂધ, દવાઓ જેવી નાશ પામતી વસ્તુઓ માટે.
3. Open Top Container – મશીનરી કે મોટા સાધનો માટે.
4. Tank Container – પ્રવાહી (Oil, Chemicals, Wine) માટે.

# ઉદાહરણ (Example in Import–Export):

•**Example 1 (Dry Cargo):**

અમદાવાદની ટેક્સટાઇલ કંપનીએ 20 ft કન્ટેનરમાં કપડાં પેક કર્યા.→ ટ્રકથી મુંબઈ પોર્ટ પહોંચાડ્યું → શિપ દ્વારા દુબઈ મોકલ્યું → ત્યાં ટ્રક દ્વારા ગ્રાહક સુધી પહોંચાડાયું.

•**Example 2 (Reefer Cargo):**

ગુજરાતમાંથી કેરી (Mangoes) ને Reefer container માં રાખવામાં આવી.→ એર કૂલ્ડ સિસ્ટમના કારણે કેરી તાજી રહી.→ પછી શિપથી યુરોપ મોકલવામાં આવી.

•**Example 3 (Bulk Liquid):**

ભારતમાંથી કેમિકલ Tank Container માં મોકલવામાં આવ્યા, જેથી કોઈ લીકેજ ન થાય.

**Containerization Process (સરળ Step-by-Step):**

1. Stuffing (કન્ટેનરમાં માલ ભરવો) – ફેક્ટરી કે વેરહાઉસમાં માલ કન્ટેનરમાં ભરાય.
2. Sealing (સીલ કરવું) – કસ્ટમ સીલ લગાવવામાં આવે.
3. Transport to Port (પોર્ટ સુધી પહોંચાડવું) – ટ્રક કે ટ્રેન દ્વારા કન્ટેનર પોર્ટ પર જાય.
4. Loading on Ship (શિપ પર ચઢાવવું) – Crane વડે શિપ પર મુકાય.
5. Shipping (પરિવહન) – શિપથી ગંતવ્ય દેશમાં મોકલાય.
6. Unloading & Delivery (ઉતરાણ અને ડિલિવરી) – પોર્ટ પર ઉતારીને ટ્રક/ટ્રેન વડે ગ્રાહક સુધી

# Risk Management in Import Export Business

Risk Management એટલે વ્યાપારમાં આવતા જોખમોને ઓળખવું, તેને આંકવું અને તેને ઘટાડવા માટે પગલાં ભરવું.

**પ્રકારો (Types of Risk in Import–Export)**

1. Commercial Risk (વેપારી જોખમ)

- Buyer માલ ન ખરીદે કે Payment ન આપે.
- Order cancel થઇ જાય.

**Example:**

ભારતની કંપનીએ આફ્રિકામાં 1 કરોડનું માલ મોકલ્યું, પણ Buyer એ Payment ન કર્યું.

**Solution:**

- Advance Payment લેવું.
- Letter of Credit (LC) નો ઉપયોગ.

## 2. Financial Risk (નાણાકીય જોખમ)

- Foreign exchange rate બદલાય એટલે નુકસાન.
- Interest rate બદલાય.

**Example:**

Exporter ને 1 ડોલર = ₹80 પ્રમાણે Payment મળવાનો હતો, પણ Payment સમયે Dollar ₹75 થયો → નુકસાન.

**Solution:**

- Currency Hedging કરવું.
- Forward Contract કરવો.

## 3. Political Risk (રાજકીય જોખમ)

- દેશોમાં યુદ્ધ, રાજકીય અસ્થિરતા, Embargo (વેપાર પ્રતિબંધ).

**Example:**રશિયા–યુક્રેન યુદ્ધને કારણે ઘણા દેશોના Export અટક્યા.

**Solution:**

- Political Risk Insurance.
- અલગ–અલગ માર્કેટમાં Diversification.

## 4. Transport & Logistics Risk (પરિવહન જોખમ)

- Shipment મોડું થવું, Accident, Container ગુમાવવું.

**Example:**

Ship અકસ્માતમાં ડૂબી ગયું અને Exporterનું માલ બગડ્યું.

**Solution:**

- Marine Insurance લેવુ.
- Track & Trace System નો ઉપયોગ.

## 5. Legal & Compliance Risk (કાનૂની જોખમ)

- Customs rules, Import duty, Documentation mistake.

Example:

Exporter એ Invoice માં HS Code ખોટો લખ્યો → Customs એ Shipment અટકાવ્યું.

Solution:

- CHA (Custom House Agent) ની મદદ લેવુ.
- Documents audit કરાવવુ.

## 6. Natural Risk (પ્રાકૃતિક જોખમ)

- Cyclone, Earthquake, Flood જેવી કુદરતી આપત્તિ.

**Example:**

Cyclone ના કારણે Port બંધ થઇ ગયું → Shipment અટકી ગયું.

**Solution:**

- Contingency Planning.
- Insurance Cover.

## Risk Management Process (સરળ Step-by-Step)

1. Risk Identification (જોખમ ઓળખવું)→ કયા પ્રકારના જોખમ થઈ શકે? (Financial, Political, Transport વગેરે)
2. Risk Assessment (જોખમનું મૂલ્યાંકન)→ કયું જોખમ સૌથી વધારે નુકસાન કરનાર છે?
3. Risk Mitigation (જોખમ ઘટાડવા પગલાં)→ Insurance, LC, Diversification, Documentation.
4. Risk Monitoring (જોખમ પર નજર રાખવી)→ Currency rate, Political news, Port update, Buyer profile ચકાસવું.